ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૨ ટકા

# આજે શહેરમાં 'મહિલા દિવસ' ઉજવાશે

## વિધાનસભાના અધ્યક્ષ 'નન્હી પરી અવતરણ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે : મુખ્યમંત્રી મહિલા રેલીનું પ્રસ્થાન કરાવશે : મધુર ડેરી દ્વારા મહિલા ગૌરવ સંમેલન યોજાશે : ઉદ્‌ગમ ટ્રસ્ટ મહિલાઓને એવોર્ડથી સન્માનશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં તા. ૮મી માર્ચ ગુરૂવારે 'વિશ્વ મહિલા દિન' અંતર્ગત સરકારી તંત્ર તથા વિવિધ સંસ્થાઓ દ્વારા અનેકવિધ ઉજવણીના આયોજન કરવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા 'મહિલા રેલી' ઉપરાંત 'નન્હી પરી અવતરણ' કાર્યક્રમ યોજાશે. આ સાથે શહેરની ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'વિમેન્સ એચિવર્સ એવોર્ડ' કાર્યક્રમ અંતર્ગત વિવિધ ક્ષેત્રમાં મહિલાઓને યશસ્વી યોગદાન બદલ સન્માનવામાં આવશે.

વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત ગાંધીનગર શહેરમાં વિશેષ ઉજવણીનો માહોલ જોવા મળશે. રાજય સરકાર ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વગેરેમાં પણ વિશ્વ મહિલા દિવસની ઉજવણી માટે અનેકવિધ કાર્યક્રમના આયોજન કરવામાં આવ્યા છે. આવતીકાલે સવારે ૮ કલાકે વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની ઉપસ્થિતિમાં ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે 'નન્હી પરી અવતરણ' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૮મી માર્ચે જન્મનાર તમામ દિકરીઓને રાજય સરકારના મહિલા આયોગ દ્વારા તૈયાર કરાયેલ વિશેષ કીટ અર્પણ કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલ ખાતે ૮.૩૦ કલાકે મુખ્યમંત્રી વિજય રૂપાણી મહિલા રેલીનું પ્રસ્થાન કરાવશે. આ રેલી સિવિલ હોસ્પિટલથી નીકળી સે-૨-૩માંથીને વાયા આઈટીઆઈ થી ઘ-૬ સર્કલ, સે-૨૧ થઈ નવા સચિવાલય એસબીઆઈ શાખા ખાતે સમાપન પામશે. ગાંધીનગરની મધુર ડેરી દ્વારા આવતીકાલને મહિલા ગૌરવ દિન તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. આ અંતર્ગત સવારે ૧૦ કલાકે મધુર ડેરી ખાતે જિલ્લાની દૂધ મંડળીઓના મહિલા આગેવાનો ઉપસ્થિત રહેશે.




શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પણ વિશ્વ મહિલા દિનની ઉજવણીના વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યા છે. સુપ્રસિધ્ધ કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા તેને સંલગ્ન તમામ કોલેજોની વિદ્યાર્થીનીઓની વિવિધ સ્પર્ધાઓ જેમાં સાંસ્કૃતિક સ્પર્ધા, સુશોભન સ્પર્ધા અને રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ સે-૨૩ સ્થિત ખિમજી વિસરામ સંસ્કાર ભવન ખાતે યોજાશે. આ ઉપરાંત ગુજરાત રાજય સહકારી સંઘ દ્વારા સવારે ૧૦ કલાકે ટાઉનહોલ ખાતે મહિલા સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સમાજના વિવિધ ક્ષેત્રે યશસ્વી યોગદાન પ્રદાન કરનાર મહિલા પ્રતિભાઓને વિમેન્સ એચિવર એવોર્ડથી સન્માનવામાં આવે છે. નવમી તારીખે બપોરે ૨ કલાકે સે-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલ ખાતે નવમો વિમેન્સ એચિવર એવોર્ડ સમારંભ યોજાશે. આ ઉપરાંત પણ શહેરની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા મહિલાદિનની ઉજવણીના નાના-મોટા કાર્યક્રમો હાથ ધરાયા છે.

## @ગાંધીનગર

● સે-૩ વગડાવાળી માતાજીના મંદિર ખાતે કાનુની શિબિર સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● વિશ્વ મહિલા દિન નિમિત્તે યોજાનાર મહિલા રેલીમાં પોલીસની મહિલા બાઈકર્સ ટીમ પણ જોડાશે જે વિવિધ દિલ ધડક કરતબો થકી રોમાંચ જગાવશે. આ ઉપરાંત પોલિસની મહિલા ઘોડેસવાર ટીમ, મહિલા કમાન્ડો, કરાઈ અને મહેસાણાની તાલીમાર્થી મહિલા પોલિસ કર્મીઓ સહિત ૫૦૦ જેટલી મહિલા પોલિસ રેલીમાં જોડાશે.

● ગાંધીનગરના વાવોલની ગ્રામ પંચાયતની મુલાકાતે છત્તીસગઢના ૪૦ જેટલાં પદાધિકારીઓએ મુલાકાત લઈ ઈ-ગ્રામ પ્રોજેકટનું નિરીક્ષણ કર્યું હતું. આ પદાધિકારીઓ બાદમાં રાંધેજા ખાતે ગયા હતા જયાં તેમણે રૂર્બન પ્રોજેકટ અંગે જાણકારી પ્રાપ્ત કરી હતી.

● તા. ૧લી માર્ચથી કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલય દ્વારા તમામ ઈ-વૉલેટમાં કેવાયસી પ્રક્રિયા ફરજિયાત કરી દેવાઈ છે તેથી આ પ્રક્રિયા પુર્ણ કર્યા વગર ઈ-પેમેન્ટ શકય બનતું નથી જેના કારણે શહેરમાં ઈ-ટ્રાન્ઝેકશન કરવાની આદત ધરાવનારાઓના નાણાંકીય વ્યવહારો જેવા કે લાઈટબીલ, ગેસબીલ કે પેટ્રોલ ભરાવવા જેવાં અટકી પડયાં છે. કેવાયસી પ્રક્રિયા માટે ઈ-વૉલેટ કંપનીઓ દ્વારા શહેરના મોબાઈલ વેન્ડર્સની નિમણુંકો કરી તેમને ફિંગર સ્કેનિંગ મશીન આપવામાં આવ્યા છે જયાં ગ્રાહકો જઈ કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી રહ્યા છે.

## વિદ્યાર્થીનીઓને જીવન આસ્થા હેલ્પલાઈન તથા સુરક્ષા સેતુથી અવગત કરાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની જયોતિ મહિલા મંડળ દ્વારા આગામી વિશ્વ મહિલા દિન નિમિત્તે શાળા કોલેજની વિદ્યાર્થીનીઓને જીવન આસ્થા હેલ્પલાઈન અને સુરક્ષા સેતુ સોસાયટી અંગે માહિતગાર કરવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગાંધીનગર પોલિસની સુરક્ષા સેતુ સોસાયટીના અધિકારી મીરાકુમારી રામનિવાસ આ સેમિનારમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીનીઓને મહિલાઓમાં રહેલી શકિતને જાગૃત કરી તેનો સંકટ સમયે ઉપયોગ કરવા પ્રેરિત કરી હતી. આ સાથે તેમણે પોલિસ તંત્ર દ્વારા જાહેર કરાયેલ યોજનાઓનો લાભ લેવા સાથે વિવિધ સેવાઓ અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. પરીક્ષામાં તણાવ સમયે ડિપ્રેશન જેવી સ્થિતિમાં જીવન આસ્થા હેલ્પલાઈનનો ઉપયોગ કરી સ્વચ્છતા પ્રાપ્ત કરવા તેમજ વિદ્યાર્થીનીઓને પણ આઈએએસ, આઈપીએસ અથવા આઈએફએ જેવી સનદી અધિકારી તરીકેની કારકિર્દી ઘડવા પ્રોત્સાહિત કરી હતી. આ પ્રસંગે પોલિસ અધિકારી પ્રવિણ વાલેરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## જીઈબી કોલોની પાસે ઉભેલી ગાડીમાંથી સાત બોટલ દારૂ મળ્યો

### મધરાતે હોન્ડા એકોર્ડ ગાડી લઈને એક શખ્સ ઉભો હતો : શંકા આધારે તપાસ કરતા પેથાપુરનો શખ્સ બોટલો સાથે મળી આવ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક જીઈબી કોલોની પાસે મધરાતે હોન્ડા એકોર્ડ ગાડી લઈને એક શખ્સ ગાડીમાં બેઠેલો હતો. સે-૨૧ પોલિસ ત્યાંથી પેટ્રોલીંગમાં નીકળી અને આ ગાડી શંકાસ્પદ લાગતા પોલિસે ચેકીંગ કર્યું હતું. ગાડીમાંથી સાત બોટલ વિદેશી દારૂ મળી આવતા સે-૨૧ પોલિસે પેથાપુરના શખ્સને દારૂની બોટલો તથા ગાડી મળી રૂ. ૪.૧૧ લાખનો મુદ્દામાલ સાથે પકડી પાડી આરોપીની ઉંડી પુછપરછ શરુ કરી છે.

સેકટર-૨૧ પી.આઈ. નિરજ પટેલની ડીસ્ટાફની ટીમ મોડી રત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે જીઈબી કોલોનીની પાસે આગળ-પાછળ નંબર પ્લેટ વગરની શંકાસ્પદ ગાડી પડી હતી. આ હોન્ડા એકોર્ડ ગાડીમાં અંદર જોતા એક શખ્સ ડ્રાઈવર સીટ ઉપર બેઠેલો હતો. પોલિસે ગાડીમાં તપાસ કરતા અંદરથી સાત નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૩૫૦૦ની કિંમતની વિદેશી દારૂની બોટલો તથા ગાડી સાથે પથાપુર ઉર્જાનગર-૩માં મકાન નં. ૫૦માં રહેતા ધનરાજ રાજેન્દ્રસિંહ સોલંકીને પકડી પાડી સે-૨૧ પોલિસે રૂ. ૪,૧૦,૬૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈ ધનરાજની ધરપકડ કરી લીધી હતી. ધનરાજને દબોચી લઈને દારૂની બોટલો કેમ લાવ્યો હતો અને કયાંથી લાવ્યો હતો તે સહિતની ઊંડી પુછપરછ શરુ કરી છે.

## આજે કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૭

આજે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સેકટર-૨૩ સ્થિત ખિમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે બપોરે ૧.૩૦ કલાકે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી વિવિધ સ્પર્ધાઓ અને ઈનામ વિતરણ કરીને કરવામાં આવશે. જેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલ કાર્યક્રમને શોભાવશે. આ ઉપરાંત, મુખ્ય અતિથિ તરીકે એ.એફ.એસ. ઈન્ટરકલ્ચર પ્રોગ્રામના ડાયરેકટર દિવ્યા અરોરા તેમજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ઈન્ચાર્જ ડાયરેકટર ગાર્ગી રાજપરા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.


વુમન ડેવેલપમેન્ટ સેલ આયોજિત આ કાર્યક્રમમાં સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન સાંસ્કૃતિક સ્પર્ધા, સુશોભન સ્પર્ધા તેમજ રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, બપોરે ૧.૩૦ થી ૩ કલાક દરમિયાન ઈનામ વિતરણ સમારોહ યોજાશે. ઈનામ વિતરણ સમારોહમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા મહિલા ગૌરવ એવોર્ડ, સ્પર્ધાના વિજેતાઓને ઈનામ તથા એક માત્ર સંતાનમાં દિકરી હોય તેવી માતા અને દાદીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. મહિલા દિવસની ઉજવણી નિમિત્તે પ્રેરણાદાયી વકતવ્ય પણ આપવામાં આવશે.

# ધોળાકુવા ગામમાં વર્ષો જુની પાણીની સમસ્યાનો ઉકેલ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાં છેલ્લા ચાર દાયકાથી પાણીનો પ્રશ્ન ગ્રામવાસીઓને સતાવી રહ્યો હતો. ગ્રામજનોએ વારંવાર તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક અનેકવાર રજુઆતો કરી છતા પાણીનો પ્રશ્ન હલ થયો નહતો. ગામના નાગરીકોને પાણી માટે વલખા મારવા પડતા હતા. ગામમાં પાણીના ધાંધીયાથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠયા હતા, તો બીજીતરફ ઉનાળામાં ધોળાકુવામાં રહેતા નાગરીકોની હાલત કફોડી બની જવા પામી હતી. પાણીની પાઈપ લાઈન જુની તેમજ જર્જરીત હોવાથી પાણીના પ્રશ્નો વારંવાર ઉઠતા હતા. ત્યારે ધોળાકુવા ગામનો વોર્ડ નં-૬માં સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારે વોર્ડના કોર્પોરેટર નાજાભાઈ ઘાંઘરને ગ્રામજનોએ પાણીના મુદ્દે રજુઆત કરી હતી. આ પ્રશ્નને ગંભીરતાથી લઈને નાજાભાઈએ વન વિભાગ, પાટનગર યોજના વિભાગ સહિતના અન્ય વિભાગમાં ધોળાકુવાના પાણીના પ્રશ્ને તંત્રને લેખિત રજુઆતો કરીને પાણીનો પ્રશ્ન ઉનાળાના પ્રારંભે જ હલ કરી દીધો છે. કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી તેમજ પોતાના ખર્ચે સમગ્ર ગામમાં પાણીની નવી પાઈપ લાઈન નાંખવામાં આવી છે. પાઈપ લાઈન નવીન નાંખવામાં





આવતા જ ગામના તમામ ઘરોમાં પાણી પહોંચી ગયું છે. ઉંચાણવાળા વિસ્તાર કે જયાં રાજસ્થાનના પરિવારો વસવાટ કરે છે તે સ્થળે પાણીનો કકળાટ છેલ્લા ઘણા વર્ષોથી હતો ત્યાં પણ નળમાં પાણી આવતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે. ગ્રામજનોની ૪ દાયકા જુની પાણીની સમસ્યાનો અંત માત્ર ૪૦ દિવસમાં આવ્યો છે.ગામના નાગરીકોને વર્ષોથી સતાવતો પાણીનો પ્રશ્ન હલ થતા ગ્રામજનોએ કોર્પોરેટર નાજાભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

## બહુજન સમાજ પાર્ટી જિલ્લા યુનિટની બેઠક મળશે

ગાંધીનગર શહેરમાં બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા યુનિટ દ્વારા સંગઠન મજબુત બનાવવા તેમજ બસપામાં જોડાઈને સશકત સમાજના નિર્માણ માટે બેઠક તા.૧૧ માર્ચને રવિવારના રોજ બપોરે ૩ કલાકે અશ્વમેઘ કોમ્પ્લેક્ષ સરગાસણ સર્કલ પાસે બહુજન સમાજ પાર્ટી જિલ્લા કાર્યાલય ખાતે મળશે. આ બેઠકમાં જિલ્લા અને વિધાનસભાના હોદેદારોની નિમણુંક કરવાની છે તો જિલ્લાના તમામ કાર્યકરોને મોટીસંખ્યામાં હાજર રહેવા બસપા જિલ્લા યુનિટ દ્વારા અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે ૯૫૫૮૦૯૯૪૮૮, પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## પીંડારડા રોડ પરથી દેશી બંદુક સાથે એક ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એસ.ઓ.જીની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે પીંડારડા પાટીયાથી પીંડરાડા ગામ તરફ બાઈક લઈને જતા શખ્સ પાસે ગેરકાયદે હાથ બનાવટની બંદુક છે. આ બાતમી આધારે વૉચ ગોઠવીને એક



ડફેરને એસઓજીની ટીમે દેશી બંદુક સાથે દબોચી લીધો હતો. એસઓજીની ટીમે તેની ધરપકડ કરી લઈ બંદુક કેમ રાખતો હતો અને કયાંથી લાવ્યો હતો તે સહિતની ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પરેશ સોલંકીની ટીમ ગઈ કાલે પેથાપુર પોલિસ સ્ટેશનની હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે પીએસઆઈ જે.આર. કરોતરાને ખાનગી રાહે બાતમી મળી હતી કે પીંડારડા ગામના પાટીયાથી પીંડારડા ગામ તરફ જતા રોડ પર એક ડફેર વ્યકિત તેના બાઈક પર ગેરકાયદેસર બંદુક લઈને પસાર થનાર છે. આ બાતમી આધારે એસઓજીની ટીમ વૉચ પર ગોઠવાઈ ગઈ હતી અને બાઈક લઈને પીંડારડા રોડ પરથી નીકળેલા ખેરાલુના જુના દેલવાડા ગામના હનીફ ઈબ્રાહીમ સીંધીને પકડી પાડયો હતો. જીજે ૦૨ સીબી ૪૦૪૩ નંબરના બાઈક લઈને નીકળેલા ડફેરને હાથ બનાવટની બંદુક સાથે ધરપકડ કરી લઈને રૂ. ૨૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એસઓજીની ટીમે તેની ઊંડાણપૂર્વક પુછપરછ શરુ કરી છે.

## ચિલોડાથી પસાર થતા હાઈવેને તંત્રે ડિસ્કો માર્ગ બનાવી દીધો

### માર્ગ ઉપર દર ૧૦૦ મીટરનું જ પેવરકામ કરી અન્ય માર્ગ યથાવત રાખતા લેવલ ઊંચુ-નીચું રહ્યું : અનેક વાહનચાલકોને પેટના દર્દો થયા

ગાંધીનગર, તા.૭

દેશનો શ્રેષ્ઠ ગણાતો નેશનલ હાઈવે નં. ૮ તંત્રની ગંભીર ક્ષતિ થકી વગોવાઈ રહ્યો છે. ચિલોડાથી પસાર થઈ રહેલ આ માર્ગ ઉપર અનેક ગાબડાં પડયા હતા. જેને તંત્ર એ પેવરકામ કરી સારો બનાવવા પ્રયાસ કર્યો છે. પરંતુ આ માર્ગ ઉપર ફકત ૧૦૦-૧૦૦ મીટરનું જ પેવરકામ કરી અન્ય માર્ગ યથાવત રાખતા લેવલ ઊંચુ-નીચું રહી ગયું છે. જે કારણે આ માર્ગ ઉપર પસાર થતાં તમામ વાહનો ડાન્સ કરતા હોય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. તંત્રની આ બેદરકારીથી નિયમિત આવ-જા કરતાં વાહનચાલકોને પેટના દર્દો થયા છે તો બીજી તરફ વાહન વારંવાર પછડાટમાં આવતા વાહનો પણ ખોટકાઈ રહ્યા છે.

ચિલોડાથી પસાર થતાં નેશનલ હાઈવે ઉપર ચોમાસા દરમિયાન અનેક ખાડા પડી ગયા હતા જે અંગે આ માર્ગની આસપાસ રહેતા ગ્રામજનોએ આંદોલન કરી મરામત કરવા માંગ કરી હતી જે અંતે તંત્ર એ પેવરકામ હાથ ધર્યું હતું. પરંતુ આ પેવરકામમાં પણ વેઠ ઉતારી હોય તેમ ૧૦૦-૧૦૦ મીટરના અંતરે જ પેવરકામ કરી અન્ય માર્ગને યથાવત છોડી દીધો છે જે કારણે માર્ગ ઉપર અમુક ઠેકાણે ઊંચુ અને અમુક ઠેકાણે નીચુ એમ લેવલ થઈ ગયું છે. જેથી પસાર થતા વાહનો અનેકવાર ઊંચા-નીચા થઈ પછડાટ અનુભવી રહ્યા છે અને વાહનમાં મુસાફરી કરતાં મુસાફર પણ ત્રાહીમામ પોકારી રહ્યા છે. વધુમાં દૈનિક અપડાઉન કરતા વાહનચાલકોમાં પેટના દર્દોની ફરિયાદો પણ ઉભી થઈ છે.

આજીવન રોડ ટેક્ષ તેમજ ટોલટેક્ષની તગડી રકમ ઉઘરાવીને પણ યોગ્ય સુવિધા આપવામાં ઉણા ઉતરેલા આ તંત્ર વિરૂધ્ધ વિજિલન્સ તપાસની માંગ ઉઠી છે. દર વર્ષે ચોમાસા દરમિયાન આ માર્ગની દુર્દશા થતી હોય છે છતા પણ તંત્ર ગુણવત્તા સભર માર્ગ બનાવવા માંગતુ જ ન હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. દૈનિક હજારો વાહનોની અવરજવરથી ધમધમતા રાષ્ટ્રીય ધોરી માર્ગ પ્રત્યે તંત્રની ઉદાસીનતા નાગરિકોમાં આક્રોશ બનીને ઉભરી રહી છે.

## નારી સંરક્ષણ ગૃહ દ્વારા આવતીકાલે કાનૂની શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૭

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે ૯મી માર્ચને શુક્રવારે સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન નારી સંરક્ષણ ગૃહ, સેકટર-૧૨ ખાતે કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ગૃહ આયોજિત શિબિરમાં મહિલાઓને કાનૂની માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. શહેરની મહિલાઓને શિબિરમાં ભાગ લેવા માટે સંસ્થાના ચેરમેન શર્મિષ્ઠાબેન દવે દ્વારા જણાવાયું છે.

# વાનરવૃંદને નિયમિત બાજરીના રોટલાનું ભોજન કરાવતા યુવા કર્મચારીઓ

### સે-૨૫ની જીઆઈડીસીમાં કામ કરતા યુવાનો દરરોજ ૨૦ થી ૨૫ રોટલાં વાનરોને ખવડાવે છે

ગાંધીનગર, તા.૭

જો તમને સાચા હૃદયથી સેવા કરવાની ઈચ્છા હોય તો તમને કોઈ સ્થળ કે સમય કયારેય નડતો નથી. આ વાતની પ્રતિતિ ગાંધીનગરની જીઆઈડીસીમાં એક કંપનીમાં કાર્યરત યુવા કર્મચારીઓએ તેમના અનોખા સેવા કાર્ય થકી કરાવી છે. છેલ્લા દોઢ માસથી આ યુવાનો પોતાની સાથે અનેક વાનરોને ૨૦ થી ૨૫ રોટલાનું ભોજન કરાવે છે અને આ કાર્ય હવે તેમની આદત બની ચુકયું છે.

ગાંધીનગરના સેકટર-૨૫ ખાતેની જીઆઈડીસીમાં ઈકયુડીસી કંપનીમાં કાર્ય કરતા કેટલાક યુવાનો અબોલ પશુ-પંખીઓ પ્રત્યે અનુકંપા ધરાવે છે. આ કંપનીમાં કાર્યરત પાલજ ગામના જિતેન્દ્રસિંહ બિહોલા ઉર્ફે જીતુભાને નિયમિત પોતાની સાથે બિસ્કિટના પેકેટસ લાવી જીઆઈડીસીમાં વારંવાર આવતા વાનરવૃંદનો ખવડાવવાની આદત હતી. આમ પણ જીઆઈડીસી એ વનરાજી ધરાવતો વિસ્તાર હોવાથી અહીં વાનરોની સંખ્યા મોટા પ્રમાણમાં જોવા મળે છે જે દિવસ દરમિયાન ખોરાકની શોધમાં આમ તેમ ભટકતાં હોય છે. જીતુભાના બિસ્કિટ ખાવા માટે એક નાનું વાનરવૃંદ નિયમિત આવતું હતું. આ જોઈ તેમના સાથી કર્મચારી મિત્રોને વાનરો માટે કંઈક નક્કર ખોરાકની વ્યવસ્થા કરવાનો વિચાર આવ્યો અને શરુ થયું વાનરોને બાજરીના રોટલા ખવડાવવાનું સેવાકાર્ય.

ઈકયુડીસીમાં કાર્ય કરતા કોલવડા રહેતા પ્રકાશભાઈ પ્રજાપતિ તેમજ સરઢવના રાજુભાઈ પરમાર આ કાર્યમાં જોડાયા અને કોલવડાથી બાજરીના રોટલા લાવવાનું ચાલુ કર્યું. આ રોટલા તેઓ બપોરના લંચ બ્રેક સમયે વાનરોને ખવડાવવા લાગ્યા હતા. આમ પણ જીઆઈડીસી વિસ્તારમાં ખોરાકની શોધમાં ભટકતા વાનરોને રહેણાંક વિસ્તાર કરતા વધુ મહેનત કરવી પડતી હતી તેથી આ રોટલા ખાવા માટે વાનરોની સંખ્યા દિન પ્રતિદિન વધવા લાગી. કોલવડાના નંદાભાઈ ચૌહાણ દ્વારા આ યુવાનોને બાજરીના રોટલાં પુરા પાડવાની સેવા આપવામાં આવે છે અને હવે છેલ્લા દોઢેક માસથી જિતેન્દ્રસિંહ બિહોલા, રાજુભાઈ પરમાર અને પ્રકાશભાઈ પ્રજાપતિ સહિત કર્મચારીઓ બપોરના લંચબ્રેકમાં મળતા ફ્રી સમયે વાનરોને રોટલાં ખવડાવે છે. હવે આ નિત્યક્રમ તેમની આદત બની ચુકયો છે અને તેમના આ સેવાકાર્યની જીઆઈડીસીમાં પ્રસંશા થઈ રહી છે કારણકે આ યુવા કર્મચારીઓ તેમની કંપનીમાં માત્ર સાધારણ પદ ધરાવતા મધ્યમવર્ગીય કર્મચારીઓ છે.



## ચિરવિદાય

- સ્વ. જાની મધુબેન ત્રિભોવનદાસ, ઉ.વ. ૮૩
- સ્વ. પટેલ દિપકભાઈ પ્રહલાદભાઈ, ઉ.વ. ૪૫
- સ્વ. આકાશકુમાર ચેતરામ કોળી, ઉ.વ. ૨૦
- સ્વ. મધુબેન ગોવિંદભાઈ ભાવસાર, ઉ.વ. ૬૭
- સ્વ. રમુભાઈ દેવજીભાઈ દંતાણી, ઉ.વ. ૫૪
- સ્વ. પ્રહલાદભાઈ સોમદાસ પટેલ, ઉ.વ. ૬૧